સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૯૨ / શુમારો : ૮

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

ફુલ પાના - ૧૦ + ૨

مِشْكٰوة الهادى

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ શાઅબાનુલ કરીમ ૧૪૩૨ હિ., ૨-૭-૨૦૧૧

# –::: માદરી ઝબાન – Mother Tongue :::–

દર મહીને અપના મુલ્કમાં યા પૂરા જહાનમાં કોઈના કોઈ day તેની એહમીયત મુજબ મનાવવામાં આવે છે, જેમકે, Father's Day, Mother's Day, No Tobacco Day, Environment Day, Heart Day, AIDS Day, Child's Labour Day, Health Day જેવા અલગ-અલગ "ડે" ની ઉજવણી જુદા જુદા તરીકાથી દુનિયાના મુખ્તલિફ મુલ્કોમાં થાય છે અને લોગોમાં TV, Internet યા અખ્બારના ઝરીએ તેની કેફીયત અને પૈગામ માઅલૂમ પડે છે. આ તમામ કવાયત પાછલ ગરઝ એ જ છે કે, લોગોમાં કોઈ મખ્સૂસ દિવસે કોઈ મખ્સૂસ ચીઝની બહેતરીના ફાયદા યા ખરાબીના નુકસાનોનું ઈલ્મ આપી શકાય કે જેનાથી દુનિયાના અકસર લોગોને અસર થાતી હોય અને તે વાસ્તેની રગબત યા રોકટોકની મોહિમમાં કોઈ એક દિવસે બધા જ મુલ્કોના બાશિંદા હમશરીક થઈ શકે.

અપના મઝહબમાં પણ મુખ્તલિફ ફાઝિલ અય્યામને મખ્સૂસ મફહૂમના માતહત નામ આપી શકાય છે. મિસાલના તૌર પર યૌમે આશૂરાને "શહાદત ડે", મીલાદે ઈમામુઝઝમાન (અ.સ.) ને "બશારત ડે", ૧૫ રજબના દિનને "અલી ડે", ઈદે ફિતરના દિનને "નેઅમત ડે", સૈ.અલી સાહબ (ક.રૂ.) ના ઉર્સના દિનને "હક્ક ડે", ઈદે અઝહાના દિનને "કુરબાની ડે", અરફાના દિનને "માઅરેફત ડે", ૧૮ ઝુલ હિજ્જાહના દિનને "વલાયત ડે", વગૈરા નામથી મનાવી શકાય છે.

આ જ તરીકા પર જો અગર "માદરી ઝબાન ડે" ૨૨મી શાઅબાનના દિને ઉજવાય તો કેમ ? જેમ બીજા બધા "ડે" જે આમ લોગો મનાવે છે, તેની માઅલૂમાત હમેં તો રાખીએ જ છે પણ હમારા બચ્ચાઓને પણ તેનાથી ખબરદાર કરીએ છીએ. ઝિંદગીના બધા જ પહેલૂ વાસ્તે જો એક "ડે" મુકર્રર થઈ શકતો હોય તો માદરી ઝબાનની એહમીયત તો તમામ કરતા વધારે છે. કેમકે, બીજી બધી જ ચીઝોને બરાબર સમઝવા વાસ્તે ઈન્સાન પોતાની માદરી ઝબાનનો ઈસ્તેમાલ બિલા શક કરે જ છે.

અપની માદરી ઝબાન અરબી છે, પણ ગુજરાતના મકામી લોગો સાથે વહેવાર, વેપાર અને તઅલ્લુકાત કાઈમ કરવા વાસ્તે અરબી અલ્ફાઝવાલી ગુજરાતી હમેં વરસોથી બોલીએ છીએ, જેને હમેં બોહરા ગુજરાતી ઝબાન કહીએ છીએ. ૯૫૦ સાલથી ગુજરાતમાં અપની કૌમનો વુજૂદ થયો તે પહેલા યમન, મિસિર અને અરબસ્તાનમાં અપની અસલી અને દાઅવતની ઝબાન અરબી જ હતી. અરબી ઝબાન તે અલ્લાહતઆલાની, એના ફરિશ્તાઓની, એના અંબિયા અને ઈમાનદારોની ઝબાન છે, જેની ઝિક્ર કુરઆનમાં ચાર મરતબા કરવામાં આવી છે. **ઉમ્મત તે જ ઝબાન બોલે છે કે, જેમાં એમને નબી તરફથી હિદાયત આપવામાં આવી હોય.** તો હકીકતમાં હક્કના સાહબની ઝબાનના સબબ એના માનનારની ઝબાન વુજૂદમાં આવે છે અને એ સાહબના ઝરીએ જ ઝબાન ઝિંદા રહે છે. હરએક ઝબાનની એક એહમીયત અને વકાર હોય છે અને હમારી માદરી ઝબાનનું ડેવલેપ્મેન્ટ તો છેલ્લા ૯૫૦ સાલથી ઈમામ મુસ્તન્સિર બિલ્લાહ (અ.સ.) ના વક્તથી ચાલતુ આવુ છે. દાઅવતે હક્ક અપની રૂહાની માઁ છે કે, જેના સાયામાં અપની ઝબાનની નશ્વો-નુમા અને પરવરિશ થયેલી છે. તો સાબિત થયું કે, માઁની ઝબાન-માદરી ઝબાન-Mother Tongue તે જ દાઅવતે હક્કની ઝબાન છે - લેસાનુદ્દાઅવત છે જે આજે હમેં પૂરી શાન સાથે બોલી રહ્યા છે, આ હમારી પહેચાન અને હમારી સીરતની જાન છે.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**બહેતરીન માલ તે છે કે જે ઔલાદની તાઅલીમમાં ઈસ્તેમાલ થાય.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***માદરી ઝબાન.....***

આ હમારી અનોખી અને નિરાલી ઝબાનની અસ્લીયતને બરકરાર રાખવા વાસ્તે અલવી મુમેનીનને સાથે મિલીને કોશિશ કરવાની રહેશે. આનો સબબ એ છે કે, હવે એવો વક્ત આવો છે કે લોગો પોતાની ઝબાન સાથે બીજી અનેક ઝબાનો શીખે છે. બીજી ઝબાનો તરફ લોગોની રગબત અને હોંશ વધવાથી તેઓના **બોલચાલના તરીકામાં, આહાર-આચાર-વિચારમાં, રીત-રિવાજને સમઝવામાં ફરક આવી ગયો છે.** એક ઝબાનના અલ્ફાઝને બીજી ઝબાન સાથે લોગો mix અને ખલત-મલત કરી રહ્યા છે. આ સૂરતમાં અગર **"માદરી ઝબાન ડે"** ની ઉજવણી થાય તો લોગોમાં ખબર પડે કે જમાઅતે અલવીયાહની પણ એક તૈયેબો તાહેર શાનદાર ઝબાન છે, જેને લેસાનુદ્દાઅવત કહેવાય છે, જેનો કિરદાર અને role હર અલવી મુમિનની ઝિંદગીમાં ગૈર-માઅમૂલી અને મુમ્તાઝ છે.

આજે તમામ તબકાના લોગો પછી તે બચ્ચાં હોય, જવાન યા બુઝુર્ગ હોય, બધા જ Mix ઝબાન બોલે છે. બીજી ઝબાનના અલ્ફાઝનો સહારો લેવું ઐબ નથી પણ તેના ઈસ્તેમાલ કરનારને પોતાની ઝબાનમાં તે શું કહેવાય છે તેની પૂરી જાણકારી હોવી જોઈએ. ઝબાનની શીરીની અને તાસીર તે વક્ત જ આવે છે જે વક્ત તેને તેના જ અલ્ફાઝમાં અદા કરવામાં આવે. પણ ઝમાનએ હાલમાં એવા હૈરતઅંગૈઝ જુમ્લા કાન પર આવે છે કે, જે Mix Language અને Mix Culture નો નતીજો છે. "હું Morning Walk વાસ્તે Garden માં જાઉં છું, Fit રહેવા વાસ્તે Exercise કરૂં છું.", "Lunch માં આજે Mummy એ Pizza અને Noodles આપા છે." "Office માં Stress એટલો હતો કે Headache થી હું disturb થઈ ગયો." આ મુજબના જુમ્લા આજે આમ તૌર પર બોલાય છે. **અંગ્રેઝી ઝબાનના અલ્ફાઝનો બેરોકટોક ઇસ્તેમાલ, આજે હર કૌમની ઝબાનને ખોખલી કરી રહ્યો છે.** તેથી અપની અસ્લી અલવી ગુજરાતી ઝબાનનું મુસ્તકબિલ રોશન રહે અને તેનો વુજૂદ બાકી રહે તે વાસ્તે તમામને સાથે મિલીને ફિકર કરવાની છે.

TV પર સિરિયલો-ફિલ્મો-ઝાહેરાતોમાં બોલાતી Vulgar ઝબાન, Internet પર Facebook, Twitter, email, blogs, chatting માં વપરાતી છીછરી-તૂટીફૂટી અને ગૈર-મુહઝઝબ ઝબાન, સ્કૂલ-કોલેજમાં બોલાતી અને મોબાઈલ પર SMS ના ઝરીએ ઈસ્તેમાલ થાતી ગૈર-માઅકૂલ ઝબાન, ઘર સિવાય બીજી જગાઓ પર ગૈર-જમાઅતના લોગો સાથે બોલાતી ઝબાનના માહૌલમાં અપના બચ્ચાઓ કે જવાનોને હકીકતમાં અપની બોલી શું છે, તે ખબર જ નથી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **ઇન્સાનના અખ્લાકની પહેચાન એની ઝબાનથી થાય છે.** લેહાઝા, લેસાનુદ્દાઅવત બોલવામાં અપના જવાનો અને બુઝુર્ગોની દિલચસ્પી વધે અને તેઓ ઝિયાદહથી ઝિયાદહ પોતાની બોલચાલ અપની ઝબાનમાં જ કરે, તે વાસ્તે દાઅવતે હાદીયાહના મરકઝ તરફથી લેસાનુદ્દાઅવતમાં કિતાબો, સહીફાઓ, મદ્રસાનો કોર્સ, આ અખ્બારમાં છપાતા મઝમૂનો અને વેબસાઈટ પર અપની ઝબાનના મફહૂમ સાથે મુખ્તલિફ ચીઝો શાયેઅ કરવામાં આવે છે. અપની ઝબાનને નૌજવાનો આસાનીથી ઘરમાં અને બાહર બીજા મુમેનીન સાથે બોલી શકે, તે વાસ્તે હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના ફરમાનથી છેલ્લા ૩ સાલથી શહેરની બેવે મસ્જિદો-નૂરાની અને તૈયેબીમાં હર હફતે રવિવારે અને જુમ્આએ સાહબે દાઅવત દીની દરસને મુન્અકિદ કરે છે. આ સાથે અરબી ઝબાનના કલાસિસ, લેસાનુદ્દાઅવતની તહેરીર સાથે નૂરાની મસ્જિદમાં લેવામાં આવે છે. આ તદબીરને વધારે પુખ્તા કરવા ગયા મહીનાથી બેવે મસ્જિદોમાં ફજરની નમાઝ બાદ સાહબે દાઅવત મુમેનીનને દરમિયાન અહલુલ બૈત (અ.સ.) ના ઊલૂમ અને ઊસૂલને માતહત કુરઆને કરીમની તાવીલો હિકમત બયાન કરવાનું શુરૂ કીધું છે. આ દરસોમાં ખુસૂસી તૌર પર સલીસ, સહેલા અને રોઝાના બોલચાલમાં ઈસ્તેમાલ થાતા લેસાનુદ્દાઅવતના અલ્ફાઝનો સહારો લઈને રિવાયતો બયાન કરવામાં આવે છે, જેથી આસાન જુમ્લાઓને યાદ રાખીને મુમેનીન તેને ઘરમાં ઈસ્તેમાલ કરી શકે. આના સબબ હમને આ હમારી ઝબાનને એક નવી ઝિંદગી બખ્શવાની સઆદત અને ખુશબખ્તી હાસિલ થઈ છે.

ખુશ-કિસ્મત શખ્સ તે છે કે, જે પોતાની ઝબાનને શૌકથી બોલે, પોતાની તહેઝીબને શૌકથી અપનાવે

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**ફક્ત ખુદના વાસ્તે ઝિંદગી જીવનાર શખ્સ મૌતવાલી ઝિંદગી જીવે છે.**

# -::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હિજરત :::-

ખત્મુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ની ઉમ્રે શરીફ ૪૦ સાલની હતી કે, અલ્લાહતઆલાએ આપને નબીનો શરફ બખ્શો અને તે બાદ આપે ૧૩ સાલ તક કુફ્ફારે કુરૈશના દરમિયાન રહીને ઝુલ્મો જબર બરદાશ્ત કીધો. જે વક્ત આપ ૫૩ સાલના થયા કે ફરમાને ઈલાહી થયું કે, આપ મદીના તરફ હિજરત ફરમાવે અને આપની જગા પર આપના વસી મૌ.અલીને મક્કામાં રાખે. ઘણા વક્તથી મદીનાના લોગો આપ નબી સાહબના મુન્તઝિર હતા કે, ક્યારે તેઓને આપની ખિદમત કરવાનો મૌકો મિલે. ૯ દિનના સફર બાદ આપ મક્કાથી હિજરત કરીને મદીનામાં પહોંચા અને ત્યાં લોગોએ પૂરા વકાર, તાઅઝીમ અને ગરમજોશીથી આપનો પુરખુલૂસ ઈસ્તિકબાલ કીધો. આપ ૧૨ ર.અવ્વલ, સોમવારે મદીનાને નઝદીક સઅદ બિન ખસીમાંની જગામાં રૂકા અને ત્યાં આપે મૌ.અલી (અ.સ.) ના આવવાનો ઈન્તેઝાર કીધો.

આપ નબી સાહબની હિજરત બાદ મૌ.અલી (અ.સ.) મક્કામાં ત્રણ દિવસ રૂકા, યહાઁ તક કે, જે જે કામ, અમાનત અને દૈન નબી સાહબના બાકી રહી ગયા હતા, તે તમામ મૌ.અલી (અ.સ.) એ અંજામ તક પહોંચાડા. મૌ.અલી આપના માઁ સાહેબા મૌ.ફાતેમા બિન્તે અસદ, મૌ.ફાતેમા બિન્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), ફાતેમા બિન્તે ઝુબૈર અને ફાતેમા મખ્ઝૂમીયાહ તેમજ ચંદ અસ્હાબ સાથે મદીના રવાના થયા. આપ મૌલાએ ૪૭૦ કિ.મી. નો લંબો ફાસલો તય કીધો અને ૧૫ ર.અવ્વલ જુમેરાતે આપ કુબાના મકામમાં નબી સાહબથી જઈ મિલા. નબી સાહબ (સ.અ.વ.વ.), દુખ્તર મૌ.ફાતેમા અને મૌ.અલી, કુલસૂમ બિન હદમના મકાનમાં ઉતરા, જ્યાં આપ થોડો વક્ત રૂકા. આ જગા મદીનાથી ૨ ફરસખના ફાસલા પર હતી. ત્યાંથી આપ નિકલા અને બની સાલિમ તેમજ બની ઉમ્રો બિન ઔફના કબીલામાં ઠહેરા અને ત્યાં જ આપે નમાઝે જુમ્આ અદા કીધી. હિજરત બાદ આ પહેલી યૌમે જુમ્આની નમાઝ હતી. જેમાં નબી સાહબે ખુત્બએ બલીગાહ પઢો અને લોગોને ફરમાવું કે, **દીન પૂરેપૂરૂં નસીહત છે.** તેમાં અકીદએ તૌહીદ, ઈમાનની હકીકતો, મકસદે હયાતે અંબિયા (અ.સ.), કુરઆને કરીમની ફઝીલતો, ખલ્કની ઈબ્તેદા-ઈન્તેહાના સવાલો, દુનિયા-મૌત-આખેરતને લગતી હિકમતની વાતો, પાકી-પરહૈઝગારી, નૈક શીખામણો શામિલ છે. આપે હર વક્ત સાચું બોલવાની (સિદકગોઈ), વાઅદાને વફા કરવાની, અહદ અને મીસાકને અદા કરવાની, રાહે હક્કમાં જિસ્મ-નફસ-માલથી જેહાદ કરવાની નસીહત ફરમાવી. મુહાજેરીન અને અન્સારને દરમિયાન ભાઈચારો-ઊખૂવત, બહેતર રિશ્તો અને ઉમ્દા વહેવાર કરવાનો પૈગામ આપો. **આ તે જ જગા છે જ્યાં દીને ઇસ્લામની પહેલી મસ્જિદ તાઅમીર થઇ જે આજે મસ્જિદે કુબાના નામથી મશ્હૂર છે.**

નમાઝ બાદ નબી સાહબ કુબાથી નિકલા અને આપની ઊંટણી પર સવાર થયા. રસ્તાના દરમિયાન ઘણા કબીલાઓના સરદારોએ આપનો ઈસ્તિકબાલ કીધો અને આપને મનાવવા લાગા કે, આપ તેઓની જગામાં ચંદ દિન કિયામ કરે, પણ આપે મદીના તરફ આપની કૂચ જારી જ રાખી. જે વક્ત આપ મદીનામાં દાખિલ થયા તો શહેરની રોનક અને આબોતાબ કઈ અલગ જ હતી, જાણે કોઈ અઝીમુશ્શાન શાહનશાહ દાખિલ થઈ રહ્યા હોય ! આપના આવવાથી મદીનાના અન્સારના નૌજવાનોએ શહેરના ગલી-કૂચામાંથી બુતોની ગંદકી અને નાપાકી દૂર કરીને રસ્તાઓને પાકો સાફ કરવામાં પોતાના જાનો દિલની બાઝી લગાવી દીધી હતી. તમામ લોગોના "**અલ્લાહો અકબર**" ના નાઅરાથી મદીનાના દરો બામ, ગોશે ગોશા ગુંજતા હતા. બુઝુર્ગો-બૈરો-બચ્ચાં ઘરો પરથી આપના નૂરાની ચહેરાનો દીદાર કરવા અને નુબૂવતના રોઅબો જલાલનો મુશાહેદો કરવા વાસ્તે મુશ્તાક-બેકરાર હતા. હર શખ્સ, આગલ આવીને આપના દીદાર કરે અને આપના ઈસ્તિકબાલ કરવામાં બીજાથી વધી જાય એ જ કોશિશ કરતો હતો.

જે જે જગા આપ જાય ત્યાં લોગોનો મજમોઅ થઈ જાય અને અરઝ કરે કે, અય રસૂલુલ્લાહ, "આપ હમારા દરમિયાન ઝિયાદહ ઠહેરો." હર કોઈ ચાહતું હતું કે, આપની ઊંટણીને આગલ ચાલવાથી રોકે. આપ નબી સાહબે

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**ઔલાદની તરબીયત ખાતિર માઁ-બાપનું મહેનત-મશક્કત ઉંચકવું એક આઅલા જેહાદ છે.**

*(પેજ નં. ૨ નું બાકી)* ***માદરી ઝબાન.....***

અને પોતાના દીન પર શૌકથી ચાલે. જે મુમેનીન હમેશા દાઅવતે હક્કના મરતબાના સાહબો સાથે રાબેતો રાખે છે, ગુફ્તો-શુનીદ કરે છે અને લેસાનુદ્દાઅવત બોલવાનો તેઓને મુહાવરો છે, તેઓ પર ઘણું ઝરૂરી છે તેઓ નવી પેઢી સાથે રહીને, અપની ઝબાનમાં જ બોલચાલ કરવાની આદત રાખવાનો મશ્વરો આપી ને, અપની ઝબાનને ફરોગ અને તરક્કી આપવાની કોશિશ હાથ ધરી શકે છે. અપની ઝબાનનો ઈસ્તેમાલ ફક્ત સાહબે દાઅવતના બયાનો, મજલિસો, માઅલૂમાતી પરચાઓ, મદ્રસો, શાદીના દાઅવત-નામા યા રૂસૂમાત અદા કરવા તક કાફી નથી, મહેદૂદ નથી. પણ નવા અલ્ફાઝો હરરોઝની બોલચાલમાં આમ થાય તે વાસ્તે આ અખ્બારના ટોપિકો, બયાનો, રિવાયતો અને હિકમતની વાતો પઢવાની ઘણી ઝરૂરત છે. હાલમાં શાયેઅ થાતી અપની દીની કિતાબોને પાછલ લેસાનુદ્દાઅવતના મુશ્કિલ અલ્ફાઝની ફહેરિસ્ત તેની સમઝ-માઅના સાથે આપેલી હોય છે, જેથી કિતાબ પઢનારને કોઈ તકલીફ ન થાય, એ નવા અલ્ફાઝને જાણી શકે અને બયાનને બરાબર દિલો દિમાગમાં ઉતારી શકે. નવી પેઢીમાં અપની ઝબાનનું ચલણ જારી રહે અને સાહબે દાઅવતની તકરીર એક આમ મુમિન બરાબર સમઝી શકે તે વાસ્તે દોઆતે કિરામ (આ.કુ.) ના શબે ઉર્સ-બહેરમના મૌકાઓ પર ઝમાનાના હાલાતે હાઝેરાહ અને વક્તી વાકેઆતની ઝિક્રે ખૈર કરવામાં આવે છે. **આ સાથે આ મૌકાઓ ફાતેમી સાહિત્ય-આદાબ અને તારીખો હકીકતના સફહાતમાંથી કીમતી માઅલૂમાતને પિરસવાનું પણ કામ કરે છે.**

આજે પણ દાઅવતે હક્કના ખઝાનામાં ૨૭ માં દાઈએ મુત્લક સૈ.બુરહાનુદ્દીન દાઊદજી બિન કુતુબશાહ (ક.રૂ.), ૩૧ માં દાઈએ મુત્લક સૈ.બદરૂદ્દીન હસન બિન વલી (ક.રૂ.), ૩૫ માં દાઈએ મુત્લક સૈ.નૂરૂદ્દીન નૂરભાઈ બિન શૈખઅલી (ક.રૂ.), ૩૭ માં દાઈએ મુત્લક સૈ.શમ્સુદ્દીન શૈખઅલી બિન સૈ.શમ્સુદ્દીન (ક.રૂ.) અને ૪૧ માં દાઈએ મુત્લક સૈ.ફખરૂદ્દીન જીવાભાઈ બિન સૈ.અમીરૂદ્દીન (ક.રૂ.) ના દસ્તે મુબારકથી તહેરીરશુદા જૂની ગુજરાતી ઝબાનના નમૂના અને લેસાનુદ્દાઅવતના તૌર-તરીકાની નિશાની, જે આપ મૌલાના ઝમાનએ મયમૂનમાં બોલાતી હતી, તે મહેફૂઝ છે. અપની આ સદીઓ જૂની દોઆતોની ઝબાનને ઝિંદા કરવાનો અલ્લાહતઆલાએ હમને, અલવી મુમેનીનને એક સુનેહરો અવસર ઈનાયત કીધેલો છે. તે એ કે આ મહીનાની ૨૨ તારીખે ઈત્લાકની દાઅવતને **યાઅની દોઆત (આ.કુ.) નો સિલસિલો શુરૂ થાવાને ૯૦૦ સાલ** પૂરા થાય છે. આ દિન હમેં તાઅલીમ-યાફતા જવાનો હમારી ઝબાનની ખિદમત વાસ્તે કઈક એવા પ્રોગ્રામ તરતીબ આપી શકીએ છીએ જેથી આવનાર પેઢીમાં હમારી ઝબાનની આબોતાબ હમણા જેમ જ બરકરાર રહે. હમેં દોઆ કરીએ કે, જે માઁ એ (દાઅવતે હક્ક) હમને માદરી ઝબાન શીખાવી તે માઁ તરફની મોહબ્બત અને ખિદમત અલ્લાહતઆલા હમારા દિલોમાં મૌત તક કાઈમ રાખે. ★

*(પેજ નં. ૩ નું બાકી)* ***રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હિજરત.....***

ફરમાવું કે, તે ઊંટણીને છોડી દો, તે અલ્લાહતઆલા તરફથી હુકમ કરવામાં આવી છે, માઅમૂરાહ છે. આ ફરમાનથી લોગોએ આપની ઊંટણીને છોડી દીધી અને પછી તે પોતાની મરઝીથી આગલ વધવા લાગી. જેમ જેમ આપ મદીનાના અન્સારના મકાનોને નઝદીકથી ગુઝરતા તો તેઓ આપને પોતાના મકાન પર રૂકવા વાસ્તે તલબ કરતા. પણ ઊંટણીને કોઈની જગા મન્ઝૂર ન હતી. થોડી વાર પણ તે ઠહેરે કે, નબી સાહબ ફરમાવે કે, તેને છોડી દો, તે અલ્લાહના હુકમના માતહત છે. આમ કરતા કરતા ઊંટણી બની માલિક બિન હસર ના કબીલાને નઝદીક રૂકી જ્યાં આપની મસ્જિદનો દરવાઝો બનો.

તે વક્ત તે જગા બની નજ્જારના બે યતીમ ગુલામોની હતી કે, જે મઆઝ બિન સફરાના ઘરમાં રહેતા હતા. તે ઊંટણી જે વક્ત બેસી તો નબી સાહબ તેની પીઠ પરથી ઉતરા નહીં અને થોડા વક્ત પછી તે ઊઠી અને થોડે દૂર આગલ ચાલી. આપે તેની લુગામને ઢીલી મુકી દીધી અને તેની મંઝિલ જે વક્ત આવી તો તે ઠહેરીને ઝબાનથી કઈ પુકારી અને ઝમીન પર સુકૂનથી બેસી ગઈ. નબી સાહબ તેની પીઠ પરથી ઉતરા અને આપના સામાનને અબૂ અય્યૂબ અલ-અન્સારીના ઘરમાં મુકવાનું ફરમાન કીધું. મસ્જિદના તાઅમીરી કામથી ફારિગ થાવા તક આપ તે ઘરમાં રૂકા. આપે બે યતીમ બચ્ચાંને બોલાવીને, રાઝી કરીને એમના પાસેથી તે ઝમીન ખરીદી લીધી. આપે શહેરનું નામ યસરબ બદલીને મદીનતુર રસૂલ રાખું અને તે વાસ્તે શહેરની હર ગલીમાં મુનાદી ફિરાવી અને લોગોને ખુશખબરી સંભલાવી. ★

**ઘરમાં નૈક દુખ્તરનું પૈદા થાવું, બીજા ઘરની આબાદીની નિશાની છે.**

## -::: ગુલ્શને ફિક્હ : દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિકિર :::-

### : મસાજિદની ઝિક્ર :

ઈમામે આલે મોહંમદ (અ.સ.) થી પૂછવામાં આવું કે, મસ્જિદના પાડોશી કોણે કહેવાય ? આપે જવાબમાં ફરમાવું કે, તે તમામ લોગો મસ્જિદના પડોશી કહેવાય કે જે અઝાનની નિદાને સાંભલે. તેઓ પર લાઝિમ છે કે, મસ્જિદમાં જ નમાઝ પઢે, મગર કોઇ બીમારી હોય યા તકલીફ હોય તો ઘરમાં નમાઝ અદા કરી શકે છે. જે શખ્સની આદત ઘરમાં નમાઝ પઢવાની છે, હાલાંકે એને કોઇ જ તકલીફ નથી, એ મોટી ખતા પર છે અને જમાઅતની નમાઝથી મહેરૂમ છે. મુમ્કિન છે કે, ઘરમાં નમાઝ પઢનાર ખતાવાલી નમાઝ પઢે અને તેની એને ખબર જ ન હોય. આનાથી બરખિલાફ રઝાના સાહબની ઈમામતની નમાઝમાં શરીક થાનારની નમાઝ ઈમામ સાથે જોડાઈ જાય છે અને નમાઝીની ઝાતી ખતા મંજાઈ જાય છે.

આપ (અ.સ.) એ ફરમાવું કે, અલ-મસ્જિદુલ હરામ યાઅની કાઅબતુલ્લાહની મસ્જિદમાં નમાઝ પઢવાનો એક લાખ નમાઝનો સવાબ છે, અલ-મદીનતુલ મુનવ્વરાહની મસ્જિદે નબવીમાં દસ હઝાર નમાઝનો, બયતુલ મુકદ્દસની મસ્જિદમાં એક હઝાર નમાઝનો, અલ-મસ્જિદુલ આઅઝમ-જામેઅ મસ્જિદમાં એક સો નમાઝનો, કબીલાની મસ્જિદમાં પચ્ચીસ નમાઝનો, બાઝારની મસ્જિદમાં બાર નમાઝનો સવાબ છે. અગર કોઇ શખ્સ ઘરમાં એકલો નમાઝ પઢે તો ફક્ત એક નમાઝનો સવાબ છે. આ તમામ મસ્જિદોની અઝમત દાઅવતે હક્કના મુખ્તલિફ દરજા તરફ ઈશારો કરે છે. મુમેનીન વાસ્તે તે જ જગા સજદા અને દોઆની જગા કહેવાય યાઅની તેને મસ્જિદનું નામ અપાય કે જે જગા ઈમામે હક્ક (અ.સ.) ના નામ પર દાઈયુઝઝમાનના દસ્તે મુબારક પર વકફ થઈ હોય. **વકફ થયેલી જગામાં તે જ ઇબાદત કરનાર શખ્સની નમાઝ કામિલ છે જે ઇમામે હક્ક અને આપના નાઇબની દાઅવતમાં યકીન અને ઇમાન રાખતો હોય.** મુમિનને તે જ જગા પર નમાઝ પઢવી જોઈએ જે જગામાં અઈમ્મતે તાહેરીન (અ.સ.) અને દોઆતે અમજદીન (આ.કુ.) ની ઝિક્રે ખૈર થાતી હોય અને આપ ઔલિયાઉલ્લાહના મુબારક નામોના વસીલા લેવાતા હોય.

મસ્જિદ યાઅની દાઅવતે હક્ક અને અઝાન યાઅની ઝાહિરી દાઅવતમાં શામિલ થાવા મુમેનીનને ઈઝન આપવું. જે શખ્સ મસ્જિદમાં દાખિલ થયો તો એ ઈમામુઝઝમાન (અ.સ.) ની દાઅવતે હક્કની બયઅતના હરમમાં દાખિલ થયો. જે શખ્સ મસ્જિદમાં નમાઝના ઈન્તેઝાર વાસ્તે બેસો તો એનું બેસવું પણ ઈબાદતમાં શુમાર છે, તે એ મુજબ કે બયઅતના હરમમાં દાખિલ થાનાર મુમિનની ઈમામુઝઝમાન (અ.સ.) સાથે વલાયતો મોહબ્બત ઈબાદતમાં શુમાર થાય છે. મસ્જિદમાં બેસનાર મુમિન વાસ્તે અમાન અને સલામતી છે તે મુજબ ઈમામે હક્ક પર ઈમાન રાખનાર મુમિન વાસ્તે આખેરતમાં નારે જહન્નમથી અમાન છે. હવે કોઇ પણ શખ્સ ઈમામે હક્ક અને આપના દોઆતની માઅરેફત બગૈર મસ્જિદમાં દાખિલ થાય તો એના વાસ્તે ન રહેમત છે, ન સવાબ છે, ન અમાન છે, પણ એ અલ્લાહતઆલાની નઝરમાં મુઅઝઝબ છે અને એનો મસ્જિદનો હર અમલ લાઈકે તરદીદ, ઝાયેઅ અને બેમાઅના છે. **મસ્જિદની માઅરેફત પહેલા, સાહબે મસ્જિદની માઅરેફત લાઝિમી છે જે મુજબ મસ્જિદની અદબ કરવા પહેલા, મસ્જિદના ઇમામની અદબ કરવી ઝરૂરી છે.** આપ (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સની વાત-ચીત, મુકાલેમો અને ગુફ્તગૂ કુરઆને પાકની આયતોથી સાબિત હોય, રોશન હોય અને મસ્જિદ એનું ઘર હોય યાઅની હર વક્ત એ નમાઝનો પાબંદ હોય તો અલ્લાહતઆલા એના વાસ્તે જન્નતમાં એક ઘર બનાવશે અને આખેરતમાં એના દરજાને ઘણા બલંદ કરશે. ★

**ઘરનો માહૌલ અને તહેઝીબ, બૈરોની ઝબાન, વિચારો, અકીદાઓ અને ચાલ-ચલણનો આઈનો છે.**

## -::: દિલ :::-

તંદુરસ્ત દિલ, ઈન્સાનની ફિકરો તમીઝ, અક્લો ફહેમનો બોલતો આઈનો છે, પણ તૂટેલું અને મરીઝ દિલ, ઈન્સાનના બિગડેલા રિશ્તા અને નાકામિયાબીનો નતીજો છે. દિલ, ઈન્સાની જિસ્મના આઅઝાનો સરદાર છે, રઈસ છે તેમજ તબીઅતના ઉતાર-ચઢાવનું સેન્ટર છે. તેથી અલ્લાહતઆલાએ દિલને ઈન્સાનની છાતીમાં જગા આપેલી છે. દિલ તમામ અંગોને કંટ્રોલ કરે છે, તે જિસ્મનો હાકિમ છે. જેમ હુકમ કરનાર (હાકિમ), હુકમ ઉઠાવનાર (મહેકૂમ) ની ઈતાઅત પર, અમર કરનાર (આમિર), અમરનું પાલન કરનાર (માઅમૂર) ની ખિદમતથી અને સરદાર ખાદિમોની ચાકરીથી ખુશ રહે છે, તેમ દિલ તમામ આઅઝા પર હુકમરાની કરે છે અને તેની પૈરવી કરવામાં જ હર અંગ સલામત રહે છે. **દિલ, જિસ્મની હરારત અને સરગરમીઓનો સરચશ્મો છે.** અગર દિલની ધડકન, હરકત અને જુંબિશ બંધ થઈ જાય, રૂકી જાય તો પૂરૂં બદન ઠંડુ પડી જાય અને કોઈ પણ આઅઝા પોતાના દમ પર કામ કરી શકે નહીં.

આલમે અફલાક (આસ્માનો) માં શમ્સ-સૂરજ એવો કૌકબે દુર્રી-ચમકતો સિતારો છે કે, જેની ગરમી અને રોશનીના સબબ આલમે અફલાક, આલમે અજરામ (જિન્નાત) અને આલમે અજસામ (જિસ્માની ચીઝો) રોશન અને પુરનૂર છે. સૂરજ, આલમે અફલાકમાં દિલના મકામમાં છે જેમ મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તમામ અંબિયાએ કિરામને દરમિયાન દિલના મકામમાં છે. રાત આવે છે યાઅની, નબી ગુઝરી જાય છે તો ગુમ્રાહીના ઝોલોમાત-અંધકારની વહેશત અને દહેશત એવી તો થાય છે કે, દિનમાં સૂરજના વુજૂદની યાદ યાઅની નબીની હયાતની યાદ આવી જાય છે. સૂરજની ગરમીના અસરાતની કદર જેમ થાય છે તેમ નબીની હિદાયતોની એહમીયત માઅલૂમ થઈ જાય છે. રહેમે માદર-માઁના પેટમાં ઈન્સાનના જિસ્મની પૈદાઈશમાં અલ્લાહતઆલાની હિકમતથી આઅલા માદ્દાના જૌહરથી દિલની તખ્લીક-પૈદાઈશ થાય છે, જે મુજબ તમામ સિતારાઓમાં સૂરજની પૈદાઈશ થઈ છે. સૂરજ પર ગ્રહણ લાગવાથી ઝમીનમાં ચરિંદ-પરિંદ, હયવાન-ઈન્સાન, અલ્લાહતઆલાની કુદરતથી હૈરાન રહી જાય છે અને ઝિંદગી પર તેના ગહેરા અસરાત પૈદા થાય છે. શરીઅતને લાવનાર નબીયુલ્લાહ જે વક્ત આ દુનિયામાંથી ઈન્તેકાલ કરે છે તો એમની આલ પણ હાલાતે ઝમાના મુજબ ઝાહિર થાય છે યા સતરમાં જાય છે તેમજ મુમેનીન પર રાહત અને મુસીબતનો વક્ત આવા કરે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"દિલની હાઝરી બગૈર નમાઝ નથી." "નૈક નિય્યત બગૈર અમલમાં બરકત નથી."** નિય્યત દિલથી થાય છે. દિલથી કીધેલા કામો બાબરકત અને કાબિલે ખૈરો સવાબ હોય છે. મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, ઈમાનની ત્રણ શરતો છે, ઝબાનથી ઈકરાર કરવું, જિસ્મના આઅઝાથી અમલ કરવો અને દિલથી બોલવા તેમજ અમલ કરવા પર યકીન રાખવું, તસ્દીક કરવી." તસ્દીક-યકીન રાખવા સિવાય અમલ અને ઈકરાર બેમાઅના અને બેમકસદ છે. નબી સાહબ ફરમાવે છે કે, "મારા અલીને જે દિલથી, ઝબાનથી અને હાથથી મોહબ્બત કરશે, ચાહશે તેના વાસ્તે તમામ ઉમ્મતના આઅમાલનો સવાબ અલ્લાહતઆલા ઈનાયત ફરમાવશે." ફક્ત ઝબાનથી અદા કરવાથી અને તે મુજબ કરી ગુઝરવાથી કઈ ઈમાન અને અકીદાઓ સઁવરતા નથી પણ તે વાસ્તે ઝરૂરત એ છે કે, **દિલની મોહબ્બત અને સફાઇ શામિલે હાલ હોવી જોઇએ.**

ઈમામુઝઝમાન (અ.સ.) ના જાઁનશીન અને કાઈમ મકામ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) નો અહદ અને મીસાક પણ દિલની મોહબ્બત સાથે તઅલ્લુક રાખે છે. મુમેનીનના દીકરા યા દીકરી હોય, ૧૪-૧૫ સાલની ઉંમર પર યાઅની સિન્ને બુલૂગ પર પહોંચે છે, એની અકલ તે વક્ત પુખ્તા થાય છે તો એના દિલ પર શરીઅત

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**બિગડેલી ઔલાદ એના જંગલી દરખ્ત મુજબ છે કે જેના પર કોઈ માલીએ તેને અચ્છી શિકલ આપવા કાતર ચલાવી જ નથી.**

*(પેજ નં. ૬ નું બાકી)* ***દિલ.....***

અને ઈમાનની પાબંદીનો મીસાક પૈશ કરવામાં આવે છે. આ મીસાક પર ચાલવાનો એ “નઅમ” કહીને ઈકરાર કરે છે તો એની દીની વિલાદત-ઈમાની દાએરામાં દાખલો થાય છે. અંબિયા (અ.સ.) ની આ પાકીઝા સુન્નત અદા થાવાથી ઈમામુઝઝમાન (અ.સ.) તરફથી નૂરનું નુકતું રઝાના સાહબના ઝરીઆથી મીસાક આપનારના દિલમાં ઉતરે છે. આ નુકતએ નૂરની બરકતથી ઈમામુઝઝમાન (અ.સ.) સાથે એ ફરઝંદ યા દુખ્તરનું રૂહાની કનેકશન થાય છે અને ઈલ્મો અમલનો રાબેતો જોડાય છે. જેમ જેમ આ ઈબ્તેદાઈ ઈમાનદાર જેને મુસ્તજીબ કહેવાય, ઈલ્મો અમલમાં, કદરમાં, કુદરતમાં તરક્કી કરે છે તેમ તેમ દિલમાં નુક્તએ નૂર ઝિયાદહ રોશન થાય છે. જેટલું નૂર ઝિયાદહ એટલો મુમિન શરફમાં, ફઝલમાં, દરજામાં ઝિયાદહ થાય છે. તેથી મુમિનના દિલનું નૂર બીજું કઈ નથી પણ મોહબ્બતે ઈમામ છે. આ તરહ ઈમાન, અમલ અને મીસાક એક બીજા સાથે મઝબૂત અને ગહેરો રિશ્તો રાખે છે અને આ તમામ ચીઝો શરીઅતનો પાયો અને દીનની ગરઝ છે.

અરબી ઝબાનમાં દિલને “કલ્બ” યા “ફુઆદ” કહે છે. અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં “કલ્બ” અને તેને લગતા અલ્ફાઝની ૧૧૨ જગા પર તેમજ “ફુઆદ” અને તેને લગતા અલ્ફાઝની ૧૬ જગા પર ઝિક્ર કીધેલા છે. રબ્બુલ આલમીને કુરઆને કરીમને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દિલ પર નાઝિલ કીધેલા છે. ઈરશાદે ઈલાહી છે કે, **“અગર આ કુરઆનને હમેં પહાડ પર ઉતારતા તો તે અલ્લાહતઆલાની તજલ્લી અને કુદરતથી ચૂરચૂર થઇ જાતો,”** પણ અલ્લાહતઆલાએ ખત્મુલ મુરસલીન (સ.અ.વ.વ.) ના દિલને એ કૂવત અને તાકત બખ્શી હતી કે, વહ્યે ઈલાહીના અન્વારને આપ કુબૂલ કરી શકતા હતા.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તે દિલ કે જેમાં ઈમાન છે પણ ઈલ્મ નથી, તે એવા ફલની મિસિલ છે કે, જેની લઝઝત ઉમ્દા છે મગર તેમાં ખુશ્બૂ નથી; તે દિલ કે જેમાં ન તો ઈલ્મ છે ન ઈમાન છે, તે એવા કડવા એલીયા ફલની મિસિલ છે કે, જેની લઝઝતને સાથે બૂ પણ ખરાબ છે; તે દિલ કે જેમાં ઈલ્મ તો છે પણ ઈમાન નથી તે એવા ફલની મિસિલ છે કે, જેની ખુશ્બૂ ઉમ્દા છે પણ લઝઝત બહેતર નથી; તે દિલ કે, જેમાં ઈમાનને સાથે ઈલ્મ છે તે એવા નારંગીના ફલને મિસિલ છે કે, જેની લઝઝત અને ખુશ્બૂ બેવે ઉમ્દા છે. તે કસ્તૂરી મુજબ છે કે, જેનું ડીંટ બંધ હોય યા ખુલ્લું પણ તે મહેકતું જ રહે. અલ્લાહતઆલા હમ સઘલા મુમેનીનને ઈમાનો ઈલ્મની દૌલત અતા કરે અને તે દિલોથી હમને બચાવે કે જેની આ આયતમાં ઝિક્ર છે કે, “જે લોગો આખેરતમાં યકીન નથી રાખતા તેઓના દિલો એવા છે કે, ઈન્સો જિન્નના શયતાનોની ખોટી વાતો તરફ તે લહેકી જાય છે અને આખેરતને નાપસંદ કરીને ગુનાહ કરે છે.” ★

---

*(પેજ નં. ૧૦ નું બાકી)* ***૧૨ સુન્નતો.....***

હિસ્સામાં તકસીમ કરી દો. એક હિસ્સામાં તમેં અલ્લાહથી હલાલ રોઝીને તલબ કરો અને બીજા હિસ્સામાં તમેં આખેરત અને નૈકીઓનો ખૈર બદલો તલબ કરો. યાદ રાખો કે, એવી વાત કે જે તમને નુકસાન કરે, મઝર્રત પહોંચાવે, તમને કોઇ જ તરહનો ફાયદો ન કરે તો તેને છોડી દો. તમેં તમારા માલના બે હિસ્સા કરો, એકને તમારી આખેરત વાસ્તે પહેલાથી નિકાલી લો અને બીજાને તમારી આલ-ઔલાદ, બાલ-બચ્ચાં વાસ્તે ખર્ચ કરો. તમારો **આ ખર્ચ પણ સદકાને બરાબર છે** જેનો સવાબ અલ્લાહતઆલા બેહિસાબ અતા કરે છે. લેહાઝા, મુમિનને જોઈએ કે પોતાના બૈરો-બચ્ચાંઓની પરવરિશના ખર્ચ સિવાય જે કઈ બાકી રહે તેને હાજતમંદોમાં સદકો કરી દે, જેમાં પહેલા પોતાના ભાઈઓ-બહેનો, સગાઓ, પડોશીઓ આવે છે, તેઓને મદદ કરે. ★

**સાદાઈથી ઝિંદગી જીવનાર શખ્સને દુનિયાની મુસીબત ગમમાં નાંખતી નથી.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) ----- નઝરથી બચવા વાસ્તે ઘરથી બાહર નિકલતા સૂરતુલ ફલક પઢે. (૨)

(૨) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, હું ઈલ્મનું ----- છું અને મૌ.અલી (અ.સ.) તેના દરવાઝા છે.(૩)

(૩) દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના ----- ઘરમાં યા કારોબારની જગામાં આવવા, તે નૂર, બરકાત અને રિઝકના દરવાઝા ખોલી આપે છે. (૩)

(૭) ઈન્સાને કીધેલી નૈકીની ઝિક્ર ----- થાયા કરે છે.(૨)

**આડી તરકીબ :**

(૨) અલ્લાહતઆલા એક છે, એનો કોઈ ----- નથી.(૩)

(૪) ---- હક્કમાં શહીદ થયેલા સાહેબો હમેશા ઝિંદા હોય છે. (૨)

(૫) ફરૈબ, મકર, ધોકો. (૨)

(૬) શાદીની તારીખ મુકર્રર કરવાની ----- દીકરા અને દીકરીના વાલેદૈન દરમિયાન અદા થાય છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | કા | | |
| | શ | રી | ફ | |
| હૂ | ર | | જ | ગા |
| | મ | ક | ર | |
| | | મી | | |

★

**સહીહ જવાબ આપનાર : ----**

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **હિલાલુદ્દીન ઇબ્રાહીમ કાચવાલા**
વફાતની તારીખ : ૨૮ જુ.ઊખરા ૧૪૩૨ / ૩૧-૫-૧૧.
સરનામું : ઝેનીથ હોલ, મુંબઈ.
ફોન : ૦૯૯૬૭૮૭૩૪૪૬

---

નામ : **ઇમરાનઅલી નજમુદ્દીન સૂરતી**
વફાતની તારીખ : ૧૧ રજબ ૧૪૩૨ / ૧૨-૬-૧૧
સરનામું : યાસીન એપાર્ટ., લાડવાડા, વડોદરા.
ફોન : ૦૨૬૫-૨૫૧૮૮૪૭

---

નામ : **સાબેરાબુ ફિદાઅલી ઢેલાવાલા**
વફાતની તારીખ : ૧૨ રજબ ૧૪૩૨ / ૧૩-૬-૧૧
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.

---

નામ : **મોહંમદહુસૈન મીયાંભાઇ સોરંગવાલા**
વફાતની તારીખ : ૨૩ રજબ ૧૪૩૨ / ૨૪-૬-૧૧
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૦૯૯૨૪૬૨૯૬૮૭


---

નામ : **બાનુબુ ઇબ્રાહીમ ગોધરાવાલા**
વફાતની તારીખ : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
સરનામું : ૨૬ રજબ ૧૪૩૨ / ૨૭-૫-૧૧

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઇલ્તેમાસ છે.) ★-

## -::: Shining Stars :::-



**Ameer Hamzah**



**Ayaanali**

Brother **Ameer Hamzah Shamsuddin Kagdi** studying in FYBCom in T J Patel Commerce College (Nadiad) has participated in Book Review Competition and coined 2nd Rank held in March 2011. We wish the glittering success and bright future. ★

---

Brother **Ayaanali Ahmadali Chashmawala** studying in Class II-B in Navrachana Vidyani Vidyalaya (Vadodara) has achieved the General Proficiency certificate for his Commendable Achievement in Academics. ★

**ગૈર તરીકાથી હાસિલ કીધેલી દૌલત જેટલી વધશે તેટલું સુકૂને દિલ ઘટશે.**

-::: ઝાહેર ખબર :::-

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

## રૂબી કલેક્શન

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**

**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે, ગેંડીગેટ, વડોદરા.**

**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭.** ★

## SAT KABIR MOTORS

* Service & all type of Repairs for all Car's
* CNG & LPG Govt. Approved Kit Fitting.
* Service with Quality, Confidence & Honesty.
* Sp. Offers :- 10% discount on Mechanical Labour Work.

Manager : **M. S. PAGHDIWALA** M.: 9824058318
Ph.(Office) : 2361318 / 9824032629

**Address : Opp. Phoenix Complex, Near Suraj Plaza Building, Sayajigunj, Vadodara - 390 005.** ★

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફ્લેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

-::: ઝાહેર ખબર :::-

## બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

## ★ FINE ART ★

**સગાઇ, શાદીના ખુશીના અવસર માટે આકર્ષક ડિઝાઇનવાલા એન્વેલપ (કવર) તથા ઇદ, દિવાલી, બર્થ ડે માટે ગ્રીટીંગ કાર્ડ બનાવી આપવામાં આવશે.**

**બુરહાના એમ. ગોદીવાલા**

એ-૩૨, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા.

**M.: 9998582716.** ★

## બુરહાની સ્વીટ માર્ટ

**દરેક પ્રકારની મીઠાઇના ઓર્ડર ઉપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.**

**જુના અને જાણીતા પ્રખ્યાત મીઠાઇવાલા**

***એક વખત પધારી, ખાત્રી કરો.***

૩૦૬, સકીના એપાર્ટમેન્ટ, રામપાર્ક, આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯..

**અબ્બાસભાઇ મીઠાઇવાલા**

**મો.: ૯૮૯૮૬૮૪૪૧૨ / ૯૮૯૮૧૯૬૯૪૩.** ★


નોંધ :-
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઇટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**જે શખ્સ ઈલ્મ શીખો અને તેના મુતાબિક એને અમલ ન કીધો, તો તેની મિસાલ એવી છે કે તેને ઝમીન પર હલ ચલાવું મગર બીજ ન વાવું.**

**ઓછી ખ્વાહેશાતથી જેઓ પોતાનો ગુઝર-બસર કરે છે તેઓનું ઈમાન ઘણું મઝબૂત હોય છે.**

## -::: ૧૨ સુન્નતો :::-
## કરાબતદાર-સગાઓ સાથે ખુશ તરીકાથી રિશ્તો રાખવો - કિસ્ત : ૨

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, અય કરાબતના લોગો, અય સગપણના સાહબો ! તમેં સઘલા આપસમાં એકબીજાની મુલાકાત કરતા રહો, આપસમાં તકરાર-ઝઘડો ન કરો અને હદીયા આપી એકબીજાને ખુશ કરા કરો. મુલાકાતથી મોહબ્બતમાં વધારો થાય છે અને તકરાર મોહબ્બતને કાપી નાંખે છે. અવાર-નવાર હદીયા પૈશ કરવા આપસી અદાવત તેમજ કીનાઓને મિટાવી દે છે. આપ નબી સાહબે જમન વાસ્તેની દાઅવત અને હદીયા પૈશ કરવા વાસ્તે ફરમાવું કે, કોઈ મને બકરીના આગલા પગો જમવા વાસ્તેની દાઅવત પૈશ કરે, તો હું ફૌરન દાઅવત કુબૂલ કરૂં અને બકરીના પાછલા પગો કોઈ હદીયામાં મને અતા કરે, તો હું બાખુશી તેને કુબૂલ કરૂં. મૌ.ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) એ ફરમાવું છે કે, ઈન્સાનની બુઝુર્ગી અને કરામત તે છે કે કોઈ એને હદીયો આપે તો તેને કુબૂલ કરે અને એની તાકત, ઈસ્તેતાઅત અને માલી કુદરત મુજબ એ પણ હદીયો આપે. **મગર એની તાકત સિવાય કોઇ બીજો ખર્ચો કરે નહીં. કેમકે, આપે નબી સાહબના કલામને સાંભલા છે કે, અલ્લાહતઆલા કોઇ એવા શખ્સથી મોહબ્બત કરતો નથી જે પોતાની તાકત સિવાય કોઇ કામ કરે યા બીજાને ખુશ કરે.**

રિશ્તાના લેહાઝથી પહેલા પોતાના ફરઝંદો છે. લેહાઝા, પોતાના પ્યારા ફરઝંદોને ઉછેરવામાં, પરવરિશ કરવામાં, તાઅલીમ આપવામાં અને અદબ શીખાવવામાં પોતાની ઝાત તેમજ દૌલતને ખર્ચે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, ફરઝંદ જન્નતની ખુશ્બૂ છે અને કલેજાના ટુકડાઓ છે. તેથી બાવાજી ઉપર ફરઝંદનો હક્ક વાજિબ એ મુજબ છે કે, તેને બચપણામાંથી ઉછેરીને મોટો કરે, બોલતા શીખાવે, ખાતા-પીતા શીખાવે અને તેના જિસ્મો-જાનને ફાયદો કરનારી જે બાબતો હોય તે તમામની તેને તાઅલીમ આપે, **તેની શાદી કરાવે, તેને તિજારત પર લગાવે, તેની ઝિંદગી હર વક્ત નૈકી પર ગુઝરે તે વાસ્તે તેને હિદાયત કરતો રહે.**

કોઈએ એક શખ્સને સવાલ કીધો કે, તમારા ફરઝંદોમાંથી તમને વધારે પ્યારો કયો ફરઝંદ છે ? એ શખ્સ બોલા કે, મારા ફરઝંદોમાં જે તમામ કરતા નાનો હોય યહાઁ તક કે; તે બાલિગ થાય ત્યાં તક, જે દીકરો બીમાર હોય યહાઁ તક કે; તે સેહતમંદ થાય ત્યાં તક અને જે દીકરો મુસાફરી પર ગયો હોય યહાઁ તક કે; તે પાછો ઘરમાં ન આવી જાય ત્યાં તક મને પ્યારો છે.

મૌ.અબુઝરિલ ગફ્ફારી (રિ.અ.) એ એક દિન કાઅબતુલ્લાહના દરવાઝા નઝદીક ઊભા રહીને ફરમાવું કે, અય લોગો, હું તમારો ખૈરખ્વાહ છું, હું તમને નસીહત કરૂં છું કે, તમેં તમારી દુનિયાની ઝિંદગીને બે

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ :** **મિશ્કાતુલ-હાદીના** માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★